બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# નદીમાં આવેલા રાજકુમાર

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus

અનુકૂલન : M. Maillot; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

હવે યુસફ જે મિસરનો મુખ્ય પ્રધાન હતો તે હવે ગુજરી ગયો હતો. આખા મિસરમાં લોકોએ તેનો શોક પાળ્યો. ઈશ્વરે યુસફ જે એક હિબ્રુ હતો તેનો ઉપયોગ કરીને આખા દેશને દુષ્કાળથી બચાવ્યો હતો. તે એ જ્ઞાની અને પ્રિય આગેવાન હતો. હવે તે મરી ગયો હતો.



આ સમયને લગભગ ત્રણસો વરસ ગુજરી ગયા હતા. યુસફના લોકો જેઓ હિબ્રુ હતા તેઓ આ મિસર દેશમાં એક જોરાવર વંશજો બની ગયા હતાં. નવો ફારૂન રાજા બિહવા લાગ્યો કે આ હિબ્રુઓ તેની વિરૂદ્ધ ચઢી આવશે માટે તેણે તેમને ગુલામ બનાવી દીધા.



આ ફારૂન રાજાએ હિબ્રુ સાથે ઘાતકી રીતે વર્તવા લાગ્યો. તેણે તેમના મહાન શહેરો બનાવવા માટે ઉપયોગ કર્યો. ગમે તેટલાં કેર તેણે તેમના પર વર્તાવ્યો છતાં પણ હિબ્રુ ગુલામો સંખ્યામાં વધવા લાગ્યા.



એક દિવસે એક ફારૂન રાજા તરફથી એક બિહામણી ખબર આવી.
"દરેક જન્મેલા હિબ્રુ નર બાળકને નાઈલ નદીમાં ફેંકી દેવા." દુષ્ટ ફારૂને હિબ્રુઓની સંખ્યા ઘટાડવા માટે મન મક્કમ કર્યું. તે નાના જન્મેલા બાળકોના પણ
ખૂન કરવાનો હતો!



“આપણે શું કરવું જોઈએ?” એક કુટુંબ વિચારમાં પડી ગયું. તે લોકોએ પોતાના બાળકને લઈને નાઈલ નદીમાં મૂકવા માટે નક્કિ કર્યું. પણ તે તેને બરૂની પાણી ના ઘૂસે તેવી રીતે સુરક્ષિત બનાવેલી ટોપલીમાં મુકવામાં આવશે.



નાની બનાવેલી સુરક્ષિત ટોપલીમાં, કિંમતી સામાન સાથે બરૂઓની વચ્ચે તરતી મૂકી દેવામાં આવી. આ નાનકડા બાળકને જેમ થવાનું હોય તેમ થાય?



જ્યારે આ કિંમતી ટોપલી પાણીમાં ધીમે ધીમે આગળ વધતી રહી હતી ત્યારે તેની બહેન થોડે દૂરથી આ બાળકનું શું થઈ રહ્યું તે નિહાળી રહી હતી.



એકાએક ત્યાં ફારૂનની દિકરી અને તેની દાસીઓ નદીમાં સ્નાન કરવા આવી. ટોપલી સંતાડવા કોઈ રસ્તો હતો નહીં. કદાચ તેઓ તેને જોયા વગર જતા રહી શકે તેમ હતું.



“અરે, ત્યાં એક ટોપલી છે.
આ બરૂઓ વચ્ચે ફસાયેલી છે.
મને વિસ્મય લાગે છે, કે અંદર
શું હશે?” ફારૂનની દીકરીએ
તેના સેવકને ટોપલી બહાર
કાઢી લાવવા માટે આજ્ઞા કરી.
જ્યારે તેણે તે ખોલી કે તરત
જ બાળક રડવા માંડ્યું. “આ
તો કઈ હિબ્રુ બાળક લાગે
છે.” રાજકુમારી બોલી પડી.



"બિચારૂ નાનું બાળક તું ખૂબ જ સુંદર છું." ક્વચીત ફારૂનની દીકરીએ બાળકની સાથે જેમ મોટા લોકો વાત કરતા હોય છે તેમ વાત કરી હશે.

કદાચ તેણે ઉચ્ચી-કૂચ્ચી એવું કાંઈક મિસરની ભાષામાં કહ્યું હશે.



ઈશ્વરે આ બાળકની બહેનને ખાસ ડહાપણ આપ્યું હશે. તેણી ફારૂનની દીકરી પાસે દોડી ગઈ. "શું હું હિબ્રુ માતાઓમાંથી તમારા માટે એક ધાવ માંતાને તેડી લાવું?" "હા, તેડી લાવ" એ હતો જવાબ. આ છોકરી કોને બોલાવવા દોડી ગઈ હશે?



મા! જલ્દી આવ! જલ્દી કર! કદાચ આ છોકરી પાસે વધુ વિગત આપવા માટે સમય નહીં હોય. તેઓ બંને ત્યાં રહેલી પગદંડીઓ પર ચાલી નીકળ્યા.



નદીના પાછળના ભાગમાં, ફારૂન રાજાની દીકરી બાળકને તેડીને ઊભી હતી. “આ બાળકને તું ધવડાવ” હું તેને માટે તને પૈસા આપીશ. તેનું નામ મૂસા કહેજો. મૂસાનો અર્થ મિસરમાં કદાચ
પાણીનો દીકરો
થતો હશે.



તેથી મૂસા પોતાના મા-બાપની પાસે પાછો ઘરે આવી ગયો. તેઓએ તેને ઈશ્વરનો પ્રેમ અને હિબ્રુ લોકો વિશે શીખવ્યું. થોડા જ સમયમાં તે ફારૂનની દીકરી સાથે મહેલમાં રહેવા જવાનો હતો. આ બચાવવામાં આવેલા બાળક મૂસાને માટે ઈશ્વરની ભવિષ્ય માટેની યોજના રહેલી હતી.



# નદીમાં આવેલા રાજકુમાર

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

નીર્ગમન ૨

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો,
ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી
છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ
પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા
પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા,
તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા
માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬